અમદાવાદ, વડોદરા,સુરત, ભરૂચ, આણંદ, રાજકોટ, જામનગર, પોરબંદર,કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, પાલનપુર અને હિંમતનગર સહિત ગુજરાતભરમાં બહોળો ફેલાવો ધરાવતું સાપ્તાહિક

# નારી આવાજ

**આદર્શ મહિલા સેવા સખી મંડળ**

**સર્વ ને સમાન ન્યાય**

આદર્શ મહિલા સેવા સખી મંડળ દ્વારા ચાલતાં સીવણવર્ગ, માટીકામ, બ્યુટીપાર્લર, મોતીકામ, ગૃહઉદ્યોગ, વિધવા નિરાધાર,ને મદદ કરવી કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારની ચાલતી યોજના વિશે માર્ગદર્શન તથા માનવસેવા એજ પ્રભુ સેવા દર્દીઓને પડતી મુશ્કેલીઓમાં તેમને મદદ કરવી તથા સેવાનાં લગતાં કોઈપણ કામકાજ અંગે વિનામુલ્યે માર્ગદર્શન આપવામાં આવશે.

**સંપર્ક કરો : કિર્તીબેન એચ. રાઠોડ**

કાર્યાલયઃ-૪, ગ્રાઉન્ડ ફ્લોર, ૪, ગોલ્ડન પ્લાઝા, આર્યસમાજ મંદિરની સામે, રાયપુર દરવાજા બહાર, કાંકરીયા અમદાવાદ -૨૨

મો. ૯૦૯૯૮૪૮૪૪૦

**નારી આવાજ ન્યૂઝ**

**ન્યૂઝ, સાપ્તાહિક મેળવવા નીચેના સરનામે સંપર્ક કરવો**

આપનાં વિસ્તારની મહિલાઓની સમસ્યાઓ આપનાં પ્રશ્નોની વિસ્તુત છણાવટ માટે હરદમ હરઘડી આપની પડખે ઉભુ રહેતુ ભારતનું એકમાત્ર સાપ્તાહિક '' નારી આવાઝ ન્યૂઝ''

ઓફિસ :- રાયપુર દરવાજા બહાર, ૪ -ગોલ્ડનપ્લાઝા,આર્યસમાજ મંદિર પાસે, કાંકરીયા અમદાવાદ-૨૨

મો.૯૦૯૯૮૪૮૪૪૦

તંત્રી : કિર્તીબેન એચ. રાઠોડ ● સહતંત્રી : હિમાંશુ એચ. રાઠોડ ● મેનેજીંગ તંત્રી : આરીફ દીવાન

● વર્ષ : ૦૭ ● અંક : ૧૮ ● તા. ૧૪-૧૧-૨૦૧૯, ગુરૂવાર ● કિંમતઃ રૂા. ૩-૦૦ ● પાનાં : ૦૪ ● Email : nariaavaj@gmail.com ● RNI No. GUJGUJ/2013/53968

પ્રકાશન સ્થળ : એ/એ, સુખશાંતિ નગર, હરિનગરની બાજુમાં, સી.ટી.એમ. ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૨૬

કાર્યાલય : ૪, ગોલ્ડન પ્લાઝા, રાયપુર દરવાજા બહાર, આર્ય સમાજ મંદિર સામે, કાંકરિયા રોડ, અમદાવાદ-૨૨. ● મો. ૯૦૯૯૮૪૮૪૪૦

સુપ્રિમ કોર્ટની પાંચ જજોની ખંડપીઠનો સર્વાનુમતે ઐતિહાસિક ચુકાદો

# ચીફ જસ્ટિસની ઓફિસ સાર્વજનિક સંસ્થા: RTIના દાયરામાં આવશે

ન્યુ દિલ્હી,

ભારતના ન્યાયતંત્રમાં પારદર્શકતાને મહત્વ આપતાં અને દૂરોગામી વમળો પેદા કરનાર એક ચુકાદામાં, સુપ્રિમ કોર્ટના નિવૃત થઈ રહેલાં ચીફ જસ્ટીસ રંજન ગોગોઈની અધ્યક્ષતાની બેંચે ઠરાવ્યું કે સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ(સીજેઆઈ)નું કાર્યાલય એક જાહેર કાર્યાલય છે અને તેથી તેને માહિતીના અધિકારનો કાયદો લાગૂ પડે છે અને કાયદાના દાયરામાં લાવવુ જોઈએ. આ ચુકાદાના પગલે હવે કોઈપણ નાગરિક માહિતીના અધિકાર-આરટીઆઈ કરીને સીજેઆઈની અને અન્ય જજોની માહિતી માંગી શકશે. જો કે કોર્ટે એવું પણ નાંધ્યું છે કે આ કાયદાની જોગવાઈઓનો કોઈ હથિયાર તરીકે ઉપયોગ થવો ના જોઈએ.

સુપ્રિમ કોર્ટની આ બેંચમાં સીજેઆઈ ગોગોઈ સહિત જસ્ટીસ એન.વી. રમના, જસ્ટીસ દિપક ગુપ્તા, જસ્ટીસ ડી.વાય. ચંદ્રચૂડ અને જસ્ટીસ સંજીવ ખન્નાનો સમાવેશ થાય છે. આ બેંચે એ રીટ અરજી પર આજે પોતાનો ચુકાદો જાહેર કર્યો જેને સુપ્રિમ કોર્ટના ઉચ્ચ અધિકારીએ દિલ્હી હાઈકોર્ટના જાન્યુઆરી-૨૦૧૦માં આપેલા ચુકાદાને પડકાર્યો હતો.




જાન્યુ. ૨૦૧૦ના ચુકાદામાં દિલ્હી હાઈકોર્ટે પોતાના ચુકાદામાં ઠરાવ્યું હતું કે આરટીઆઈના કાયદા પ્રમાણે સીજેઆઈનું કાર્યાલય એક જાહેર સત્તામંડળ એટલે કે "પબ્લિક ઓથોરીટી" છે અને તેને આરટીઆઈના કાયદો લાગૂ પડી શકે છે. સુપ્રિમ કોર્ટની બેંચે ચાલુ વર્ષના એપ્રિલમાં પોતાનો આ ચુકાદો અનામત રાખ્યો હતો. જે આજે સીજેઆઈ જસ્ટીસ ગોગોઈના ૧૭ નવેમ્બરના રોજ નિવૃતિના ૪ દિવસ પહેલા જાહેર કરવામાં આવ્યો છે. આ અગાઉ સીજેઆઈએ એમ કહ્યું હતું કે પારદર્શકતાના નામે કોઈ એક સંસ્થાને નુકશાન થવુ જોઈએ નહીં. નવે.૨૦૦૭માં એક આરટીઆઈ કર્મશીલ સુભાષચંદ્ર અગ્રવાલે આરટીઆઈ કરીને સુપ્રિમ કોર્ટના જજોની સંપતિની અને જસ્ટીસ એચ.એલ. દત્તુ, જસ્ટીસ એ.કે. ગાંગુલી અને જસ્ટીસ આર.એમ. લોધાની નિમણૂંકની પણ માહિતી માંગી હતી. જેનો ઈક્રાર કરવામાં આવ્યો હતો. અગ્રવાલ ત્યારબાદ કેન્દ્રીય માહિતી આયોગમાં પહોંચ્યા હતા અને અને આયોગે એમ ઠરાવીને સુપ્રિમ કોર્ટને જણાવ્યું કે સીજેઆઈનું કાર્યાલય પણ આરટીઆઈના કાયદાની અંદર આવે છે તેથી અરજદારે માંગેલી માહિતી આપવી જોઈએ. આયોગના આ આદેશને જાન્યુ.૨૦૦૯માં દિવ્હી હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો અને ત્યાં પણ આયોગના આદેશને યોગ્ય જાહેર કરવામાં આવ્યો હતો.

દિલ્હી હાઈકોર્ટના ચુકાદાને સુપ્રિમ કોર્ટના સેક્રેટરી જનરલ અને કોર્ટના માહિતી અધિકારી દ્વારા પડકારવામાં આવ્યો હતો, અને તેની સુનાવણી બાદ અનામત રખાયેલો ચુકાદો જાહેર કરતાં કોર્ટે એવું પણ અવલોકન કર્યું હતું કે આરટીઆઈના કાયદાનો કોઈના પર નિગરાની રાખવાના હથિયાર તરીકે ઉપયોગ થવો ના જોઈએ. પારદર્શકતાના મામલે એ પણ યાદ રાખવું જોઈએ કે ન્યાયતંત્ર પણ સ્વતંત્ર છે. અને આ કાયદા હેઠળ તેનો દુરૂપયોગ ના થાય.

ઓગસ્ટ ૨૦૧૬ માં, ન્યાયાધીશ રંજન ગોગોઈ, પ્રફુલ્લ સી પંત અને એ.એમ. ખાનવિલકરની ત્રણ જજોની બેંચે આ કેસની સુનાવણી બંધારણ બેંચને સોંપી હતી, જેણે એપ્રિલ ૨૦૧૯ માં સુનાવણી શરૂ કરી હતી.

કોર્ટે બે દિવસની દલીલો બાદ ૪ એપ્રિલે આ કેસમાં પોતાનો ચુકાદો સુરક્ષિત રાખ્યો હતો. ભારતના એટર્ની જનરલ કે.કે. વેણુગોપાલે સુપ્રીમ કોર્ટનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને એડવોકેટ પ્રશાંત ભૂષણ સામાવાળા તરફથી હાજર રહ્યાં હતા.

## આ કાયદાની જોગવાઈઓનો કોઈ હથિયાર તરીકે ઉપયોગ થવો ના જોઈએઃ કોર્ટનું અવલોકન

## બીએસએનએલના ૮૦,૦૦૦ કર્મચારીઓ વીઆરએસ લઈ શકે

નવીદિલ્હી,

નાણાંકીય સંકટમાં ફસાયેલી સરકારી ટેલિકોમ કંપની ભારત સંચાર નિગમ લિમિટેડ (બીએસએનએલ)એ આશા વ્યકત કરી છે કે કંપનીના લગભગ ૮૦,૦૦૦ કર્મચારી વીઆરએસ (સ્વૈચ્છિક સેવાનિવૃત્તિ) યોજનાની પસંદગી કરી શકે છે તેનાથી કંપનીને પગારમાંથી દર મહીને ૬૦૦ કરોડ રૂપિયાની વચત થશે બીએસએનએલને આશા છે કે જો આમ થશે તો તેને દર વર્ષે ૭,૦૦૦ કરોડ રૂપિયાની બચત થશે અને આ રીતે તે પાંચ વર્ષની અંદર લાભમાં આવી જશે




બીએસએનએલના સીએમડી પ્રવીણ કુમાર પુરવારનું કહેવુ છે કે લગભગ ૭૦,૦૦૦ લોકો વીઆરએસનો વિકલ્પ પહેલા જ પસંદ કરી ચુકયા છે અને તેમને આશા છે કે ડિસેમ્બરમાં આ યોજના સમાપ્ત થતા પહેલા વધુ સંખ્યામાં કર્મચારી વીઆરએસ લઈ શકે છે.

પુરવારે જણાવ્યું હતું કે અમે હેંડસમ વીઆરએસ પેકેજ આપ્યું છે અને આ વાતથી આશ્વાસ્ત છીએ કે ૮૦ હજાર લોકોને વીઆરએસ આપવાનો અમારો લક્ષ્યાંક પુરો થશે એ યાદ રહે કે સરકારે આશા વ્યકત કરી હતી કે કંપનીના લગભગ ૫૮,૦૦૦ કર્મચારી વીઆરએસ સ્કીમની પસંદગી કરી શકે છે પરંતુ આ સંખ્યા પાર કરી ચુકી છે.

બીએસએનએલ દેશની સૌથી મોટી લોસ મેકિંગ સરકારી કંપની છે અને આશા વ્યકત કરવામાં આવી રહી છે કે નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં તેનું નુકસાન વધી લગભગ ૧૪,૦૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી જશે. મહાનગર ટેલિફોન નિગમ લિમિટેડ (એમટીએનએલ)એ પણ પોતાના કર્મચારીઓ માટે વીઆરએસ લોન્ચ કરી છે.આ યોજના ગુજરાત મોડલ પર આધારિત છે અને એ પણ કર્મચારીઓ માટે ૩ ડિસેમ્બર ૨૦૧૯ સુધી ખુલ્લી રહેશે કેન્દ્ર સરકારે ગત મહીનો એમટીએનએલ અને બીએસએનએલનો એક સાથે લાવવાની યોજનાને મંજુરી દીધી હતી.

નિવૃત્ત થતાં પહેલાં સીજેઆઈ રંજન ગોગોઈની બેન્ચ જ આ ચુકાદો આપશે

## આજે સુપ્રિમ કોર્ટ સબરીમાલા,રાહુલ ગાંધી અને રાફેલ અંગે ચુકાદો આપશે




(જી.એન.એસ)ન્યુ દિલ્હી,

અયોધ્યા જેવા મોટા મુદ્દા વિશે નિર્ણય સંભળાવ્યા બાદ સુપ્રીમ કોર્ટ એકવાર ફરી મોટો ચુકાદો આપવાની છે. ગુરૂવારે સુપ્રીમ કોર્ટ સબરીમાલા વિવાદ અને રાફેલ વિમાન કરાર પર પોતાનો નિર્ણય સંભળાવશે. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈની અધ્યક્ષતાવાળી બેન્ચ કાલે સવારે ૧૦:૩૦ વાગે ચુકાદો સંભળાવશે.

આ બે મોટા નિર્ણયો સિવાય સુપ્રીમ કોર્ટ ગુરૂવારે જ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી પર અવમાનના મામલે નિર્ણય સંભળાવશે. ૧૭ નવેમ્બરે સીજેઆઈ નિવૃત થઈ રહ્યા છે. તે પહેલા તેઓ મોટા કેસ પર નિર્ણય સંભળાવી રહ્યા છે.

સબરીમાલામાં કેસ શુ છે?

કેરળના પ્રસિદ્ધ સબરીમાલા મંદિરમાં મહિલાઓની એન્ટ્રીનો વિવાદ ઘણા સમયથી ચાલી રહ્યો છે. ગયા વર્ષે સુપ્રીમ કોર્ટે આ કેસમાં નિર્ણય સંભળાવતા ૧૦થી ૫૦ વર્ષની મહિલાઓના મંદિરમાં પ્રવેશ કરવા પર લાગેલા પ્રતિબંધને હટાવી દીધો હતો.

સુપ્રિમના આ નિર્ણય બાદ ઘણા દેખાવો પણ થયા હતા અને બાદમાં આની પર પુનર્વિચાર અરજી પણ દાખલ કરવામાં આવી હતી. હવે સુપ્રીમ કોર્ટ આ મામલે પોતાનો નિર્ણય સંભળાવશે. સબરીમાલામાં રિવ્યુ પિટિશનના કુલ ૬૪ કેસ હતા.

રાફેલ ડીલ પર પણ નિર્ણય

લોકસભા ચૂંટણી દરમિયાન રાફેલ વિમાન ડીલનો મુદ્દો ઘણો મોટો થઈ ગયો હતો. ફ્રાન્સ સાથે રાફેલ યુદ્ધ વિમાન ખરીદવાની પ્રક્રિયામાં બે જનહિત અરજી દાખલ કરવામાં આવી હતી. જેમાં ભ્રષ્ટાચારનો આરોપ લગાવાયો હતો. આ સિવાય યુદ્ધ વિમાનની કિંમત, કોન્ટ્રેક્ટ, કંપનીની ભૂમિકા પર પ્રશ્નો ઉભા કરવામાં આવ્યા હતા.

રાહુલ ગાંધી કેસ પર આજે નિર્ણય

સુપ્રીમ કોર્ટ ગુરૂવારે જ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી વિરૂદ્ધ દાખલ અરજી પર નિર્ણય સંભળાવશે. આ અરજી ભાજપ નેતા મીનાક્ષી લેખીએ દાખલ કરી હતી જેમાં આરોપ હતો કે રાહુલ ગાંધીએ કહ્યુ છે કે સુપ્રીમ કોર્ટે માન્યુ છે કે ચોકીદાર ચોર છે. આ બાદ મીનાક્ષી લેખીએ આરોપ લગાવ્યો હતો કે રાહુલ ગાંધીએ સુપ્રીમ કોર્ટના નિવેદનોને રાજકારણ સાથે જોડી દીધા છે.

૫૦થી વધુ લોકો ઘાયલ, અકસ્માત સમયે લોકો ઉંઘી રહ્યા હતા

## બાંગ્લાદેશમાં બે ટ્રેનો સામસામે ધડાકાભેર અથડાતા ૧૫ લોકોના મોત

(જી.એન.એસ)ઢાકા,

બાંગ્લાદેશમાં મંગળવારે વહેલી સવારે એક ગોઝારી ટ્રેન દુર્ઘટનામાં બે ટ્રેનો સામસામે ધડાકાભેર અથડાતા ૧૫ લોકોનાં મોત થયા હતા તેમજ ૫૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ મળ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ મધ્યપૂર્વ બાંગ્લાદેશના બ્રાહ્મણબારિયા જિલ્લામાં બે ટ્રેનો રાત્રે ૩.૩૦ વાગે સામે સામે ટકરાઈ હતી. સિલહટથી ઉપડેલી ચિત્તગોંગ તરફ જતી ઉદયન એક્સપ્રેસ ઢાકા જઈ રહેલી તુર્ના નિશિતા એક્સપ્રેસ ટ્રેન વચ્ચે મોંદોભાગ રેલવે સ્ટેશન પાસે જોરદાર ટક્કર થઈ હતી. બ્રાહ્મણ બારિયાના ડેપ્યુટી કમિશનર હયાત-ઉદ્દૌલા ખાને આપેલી વિગતો મુજબ બન્ને ટ્રેનોના લોકો માસ્ટર્સે સિગ્નલની અવગણના કરી હોવાથી આ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતને પગલે ત્રણ જુદી જુદી તપાસ સમિતિનું ગઠન કરવામાં આવ્યું હોવાનું રેલવે મંત્રાલયના સચિવ મોફઝ્ઝલ હુસૈને જણાવ્યું હતું. અહેવાલ મુજબ ઉદયન એક્સપ્રેસ અખુરા રેલવે જંક્શન નજીક પોતાનો ટ્રેક બદલી રહી હતી તે સમયે બન્ને ટ્રેનો ધડાકાભેર અથડાઈ હતી. મૃતકોની ઓળખ હજી સુધી થઈ શકી નથી અને ઈજાગ્રસ્તોને વિવિધ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે. ટ્રેનો વચ્ચે ટક્કર થઈ ત્યારે મોટાભાગના લોકો ઊંઘી રહ્યા હતા. બચાવ તેમજ રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. જો કે કેટલાક લોકો ગંભીર રીતે ઘવાયા હોવાથી મૃત્યુઆંક વધવાની સંભાવના રહેલી છે. કેટલાક લોકો રેલવેના બે ડબાની વચ્ચે પણ કચડાયેલા હોવાનું જણાયું હતું. અકસ્માતને પગલે ઢાકા-ચત્તોગ્રામ, ઢાકા-નોઆખલી અને ચત્તોગ્રામ-સિલહટ વચ્ચેનો ટ્રેન વ્યવહાર રદ કરાયો છે. ઘટનાને પગલે અખુરા અને લક્સમ રેલવે જંકશનની બે રિલીફ ટ્રેનો દોડાવાવમાં આવી હતી લોકોને ગંતવ્ય સ્થાને પહોંચાડવાનો પ્રયાસ કરાયો હતો.

## મોદીને ક્લિનચીટનો ઈન્કાર કરનાર ચૂંટણી કમિશ્નર લવાસાના પુત્ર સામે ઈડીની તપાસ

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,

તાજેતરમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી-અમિત શાહને પાંચ મામલે અપાયેલી ક્લીનચીટનો ઈક્રાર કરનાર ચૂંટણી કમિશ્નર અશોક લવાસાના પુત્ર અબીર લવાસાની સામે કેન્દ્રીય તપાસ એજન્સી ઈડી-પ્રવર્તન નિદેશાલય દ્વારા તપાસ શરૂ કરવામાં આવતાં રાજકીય અને મોદીનો વિરોધ કરનારા કેટલાક અધિકારીઓમાં ફફડાટ વ્યાપ્યો હોવાનું મનાય છે. અશોક લવાસાના પુત્ર અબીરે એ વાતનો સ્વીકાર કર્યો કે ઈડી દ્વારા તેમને સમન્સ મોકલવામાં આવ્યું છે. અને તેઓ તપાસમાં પૂરેપૂરો સહયોગ આપશે.

સૂત્રોએ જણાવ્યું કે અશોક લવાસાએ ચૂંટણીઓ દરમ્યાન મોદીએ પુલવામાના શહિદ સાનિકોના નામે વોટ માંગીને આચારસંહિતાનો ભંગ કર્યો હોવાની ફરિયાદના મામલે મુખ્ય ચૂંટણી કમિશ્નર અને અન્ય ચૂંટણી કમિશ્નરથી અલગ અભિપ્રાય આપીને મોદીને કલીનચીટ આપવાનો ઈક્રાર કર્યો હતો. આવા પાંચ મામલામાં પંચે મોદીને ક્લીનચીટ આપી જેમાં લવાસાએ વિરોધ નોંધાવીને મોદીએ આચારસંહિતાનો ભંગ કર્યો હોવાનો મત દર્શાવ્યો હતો. જો કે પંચે તેમનો આ મત પંચની મિનિટ્સ માં દર્શાવવાનો ઈક્રાર કર્યો હતો. લવાસાએ મોદીને કલીનચીટ આપી નથી તે સમાચાર ત્યારબાદ પંચની ચાર દિવાલમાંથી બહાર આવતાં લવાસા મિડિયા અને લોકોમાં કેન્દ્રસ્થાને રહ્યાં હતા.

લોકસભા ચૂંટણી પૂર્ણ થઈ ગઈ અને કેન્દ્રમાં પ્રચંડ બહુમતિ સાથે ફરી મોદીની સરકાર બની છે. દરમ્યાનમાં એવી માહિતી બહાર આવી કે સરકારે અશોક લવાસાએ સરકારમાં જ્યાં જ્યાં નોકરીઓ કરી ત્યાં કથિત પત્ર લખીને લવાસાએ પોતાની સત્તાનો કોઈ દુરૂપયોગ કર્યો કે કેમ તેની માહિતી આપવા જણાવ્યું હતું. એમ કહેવાય છે કે આવકવેરા વિભાગે પણ લવાસા પરિવારને નોટિસો મોકલી છે.

દરમ્યાનમાં સૂત્રોના જણાવ્યાં પ્રમાણે એન્ફોર્સમેન્ટ વિભાગ-ઈડીએ અશોક લવાસાના પુત્ર અબીરને સમન્સ મોકલીને અબીર જે કંપનીમાં ડિરેક્ટર છે તે નૌરિશ ઓર્ગેનિક ફૂડ્સ પ્રા. લિ. દ્વારા મેળવાયેલ ૭.૨૫ કરોડની રકમની તપાસ હાથ ધરી છે. આ તપાસ વિદેશી મૂડીરોકાણ અંગેના કાયદા ફેમા હેઠળ થઈ રહી છે. ૧૪ નવે. ૨૦૧૭ના રોજ અબીર આ કંપનામાં ડિરેક્ટર બન્યા હતા. ગયા સપ્તાહમાં જ તેમને તપાસ અધિકારીઓ સમક્ષ રજૂ થવા કહેવામાં આવ્યું હતું. અશોક લવાસાના પુત્ર અબીરે એ વાતનો સ્વીકાર કર્યો છે કે તેમને સમન્સ મળ્યો છે અને તપાસમાં સહયોગ આપી રહ્યાં છે. જો કે તેમણે આ મુદ્દે વધુ કાંઈપણ કહેવાનો ઈક્રાર કર્યો હતો.

## બેઅંત સિંહ હત્યાકાંડ : રાજોઆનાની ફાંસી ઉમ્રકેદમાં ફેરવવામાં આવી

ચંડીગઢ,

પંજાબના પૂર્વ મુખ્યમંત્રી બેઅંત સિંહની હત્યાના માલામાં સજા કાપી રહેલ બલવંતસિંહ રાજાઆનાની ફાંસીની સજાને ઉમ્રકેદમાં ફરવી દેવામાં આવી છે. આ માહિતી કેન્દ્રીય ગૃહ મંત્રાલયે પંજાબ સરકારને આપી દીધી છે. જેલ વિભાગના સુત્રોના જણાવ્યા અનુસાર રાજોઆનાથી સબાંધિત ફાઈલ મુખ્યમંત્રીની કચેરીએ મોકલવામાં આવી છે કેન્દ્ર સરકારના આ નર્ણયને શ્રી ગુરૂનાનક દેવજીના ૫૫૦માં પ્રકાશ પર્વને ધ્યામાં રાખી શિખ કટ્ટરપંથીઓ પ્રત્યે નરમી અપનાવવાના દૃષ્ટિકોણથી જોવામાં આવી રહી છે.

આ સાથે જ પંજાબ સરકારે પ્રકાશ પર્વ પર બાકી કેદીઓની સજા પણ માફ કરી છે.ગૃહ મંત્રાલયના નિર્ણયનો લાગુ કરવાની જવાબદારી ચંડીગઢ પ્રશાસનને સોંપી છે

એ યાદ રહે કે ૩૧ ઓગષ્ટ ૧૯૯૫ના રોજ ચંડીગઢમાં સિવિલ સચિવાલયની બહાર પંજાબના તે સમયના મુખ્યમંત્રી બેઅંત સિંહની હત્યા કરી દેવામાં આવી હતી તેમની કારને બોંબથી ઉડાવી દીધી હતી.

આ ઘટનામાં ૧૬ અન્ય લોકો પણ માર્યા ગયા હતાં પંજાબ પોલીસના કર્મચારી દિલાવર સિંહે માનવ બોંબની ભૂમિકા નિભાવી હતી બલવંતસિંહ રાજોઆનાએ પોતાના સાથીની સાથે આ કાવતરા રચવામાં આવ્યું હતું.

## તંત્રી લેખ.....

# કરતારપુર સાહિબ દર્શન

શ્રી ગુરુ નાનક દેવજીના ૫૫૦મા પ્રકાશ પર્વ પર પાકિસ્તાન સ્થિત કરતારપુર સાહિબના દર્શન કરવા માટે બનાવવામાં આવેલા કરતારપુર કોરિડોર હવે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. અનેક અંતરાયો અને આશંકાઓ પાર કરીને આ કોરિડોર બન્યો છે. લાખો શીખ સમુદાયની આસ્થા આ તીર્થધામ સાથે જોડાયેલી છે. કરતારપુર સાહિબ મંદિર પાકિસ્તાનમાં આવેલું હોવાથી આ કોરિડોર બનાવવાનું કામ આસાન ન હતું. પાકિસ્તાન આ ધામક હેતુસર રચાયેલા માર્ગનો દુરુપયોગ કરે તો ? એવા પ્રશ્નો પણ ચર્ચાને ચકડોળે ચડયા હતા. કેન્દ્રની એનડીએ સરકાર અને પંજાબની કેપ્ટન અમરજિતસિંગની કોંગ્રેસ સરકાર વચ્ચે ઘણા લાંબા સમયથી આ અંગે ચર્ચા પણ ચાલતી હતી. શ્રદ્ધાળુઓ માત્ર દૂરબીનથી કરતારપુર સાહિબના દર્શન કરી શકતા હતા કારણ કે મંદિર પાકિસ્તાનની સીમાની અંદર આવેલું છે.

ગયા વરસે ભારત અને પાકિસ્તાનમાં નવેમ્બર માસમાં બે દિવસને અંતરે આ કોરિડોરની શિલાન્યાસ વિધિ સંપન્ન થઈ હતી. પાકિસ્તાન સાથેના ભારતના અનેક કડવા અનુભવો છતાં જેમ વાજપેયીએ સમજૌતા એકસપ્રેસનો પ્રયોગ શરૂ કર્યો તે જ રીતે વડાપ્રધાન મોદીએ માત્ર શીખ શ્રદ્ધાળુઓની લાગણીને ન્યાય આપવા માટે આ પ્રયોગ કર્યો છે જેની પણ બુનિયાદમાં તો પૂર્વ વડાપ્રધાન વાજપેયી જ છે.

ઈ. સ. ૧૯૯૯માં તત્કાલીન ભારતીય વડાપ્રધાન વાજપેયી અને તત્કાલીન પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફ વચ્ચે કરતારપુર કોરિડોર પર પહેલીવાર પ્રાથમિક પત્રવ્યવહાર થયો હતો. અને બંન્ને દેશોના વિદેશ મંત્રાલયો એને આખરી ઓપ આપવામાં વ્યસ્ત હતા ત્યારે જ એકાએક કારગીલ યુદ્ધ શરૂ થતાં આ પ્રસ્તાવ અભરાઈ પર ચડી ગયો હતો. કરતારપુર સાહિબ ગુરુદ્વારા શીખોના પવિત્રતમ તીર્થસ્થાનોમાંથી એક છે.

બીજીવાર કરતારપુર કોરિડોર માટે ભારત અને પાકિસ્તાન વચ્ચે વાતચીત ચાલુ હતી ત્યારે ઈ. સ. ૨૦૦૮માં મુંબઈમાં આતંકવાદી હૂમલો થયો. ફરીવાર આ યોજના સ્વાભાવિક રીતે જ હાંસિયામાં ધકેલાઈ ગઈ. ત્યારબાદ પણ પુલવામા અને વળતા જવાબ તરીકે ભારતે કરેલી એરસ્ટ્રાઈકને કારણે ફરી જે નવેસરથી ચાલુ થઈ હતી તે કરતારપુર સંબંધિત વાટાઘાટો અટકી પડી. હજુ પણ પાકિસ્તાનનો આતંકવાદી ઉપદ્રવ ચાલુ છે છતાં બન્ને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધો કંઈક સુધારા પર છે એનો આ કોરિડોર યોજનાને લાભ મળ્યો છે અને એથી જ ભારત તરફથી વડાપ્રધાને ઉદઘાટન કર્યું અને પાકિસ્તાન તરફથી ઈમરાન ખાને કોરિડોરનું લોકાર્પણ કર્યું એ શક્ય બન્યું. આ ઘટનાને માત્ર ધામક દૃષ્ટિને બદલે એ બહાને બન્ને દેશો વચ્ચેના સકારાત્મક સંબંધોની નવી શરૂઆત તરીકે જોવામાં આવે છે. શીખ સમુદાય માટે એનું ધામક મહત્ત્વ જ વિશેષ છે. તો પણ આંતરરાષ્ટ્રીય અને તેમાંય દક્ષિણ એશિયામાં એને બન્ને દેશોના ઉજ્જ્વળ સંબંધ તરીકે જોવામાં આવે છે.

જે રીતે ભારતીય મીડિયામાં આ કોરિડોરથી ખાલિસ્તાની ચળવળને પાકિસ્તાન સજીવન કરશે તો એવી ચર્ચા હતી એ જ રીતે પાકિસ્તાની મીડિયામાં ભારત આ રસ્તેથી પાકિસ્તાનમાં પોતાના વધુ જાસૂસો ઘુસાડશે તો એની આશંકાઓ પણ વ્યક્ત થઈ હતી. છતાં બન્ને દેશોના વડાપ્રધાનોએ શીખ સમુદાયના હિતમાં અને એમની દર્શન ઝંખનાની તૃપ્તિ કાજે કોરિડોરનું નિર્માણ કરાવી છેવટે એને સ્વહસ્તે જ ખુલ્લો મૂક્યો છે. આપણે માનીએ છીએ એનાથી જુદી રીતે પાકિસ્તાનમાં થતા અનેક ભીષણ વિસ્ફોટોનો આરોપ પાકિસ્તાન સદાય ભારત પર મૂકે છે. બલુચિસ્તાનમાં એની પ્રજા દ્વારા ચાલતા સ્વતંત્રતા આંદોલન માટે પણ પાકિસ્તાન હંમેશા ભારતને દોષિત માને છે અને એ અંગેનું ઝેર એ સતત ફેલાવે છે.

હજુ આપણા દેશની સરહદોએ આતંકવાદીઓ દ્વારા ભારતીય જવાનો શહીદ થતા રહેવાનો ક્રમ સાવ અટક્યો નથી. એ વાતાવરણ વચ્ચે કરતારપુર સાહિબ કોરિડોર બન્ને દેશો માટે એક કસોટી છે. પાકિસ્તાનની દાનતથી ભારત સુપરિચિત છે છતાં ભારતે પંજાબ સહિતના દેશના શીખ સમુદાય પર અખંડ વિશ્વાસ મૂકીને આ કોરિડોરનું નિર્માણ કર્યું છે.

## અયોધ્યા ચુકાદોઃ સુરેશ રાણા,સંગીત સોમની સુરક્ષામાં વધારો કરાયો




(જી.એન.એસ)લખનૌ, અયોધ્યાના નિર્ણય બાદ સુરેશ રાણા એન સંગીત સોમની સુરક્ષા વધારવામાં આવી છે. અયોધ્યાના નિર્ણય બાદ ઉત્તરપ્રદેશના કેટલાક લોકોની સુરક્ષા વધારી દેવામાં આવી છે.

આમાં યોગી સરકારના મંત્રી સુરેશ રાણા અને બીજેપીના સંગીમ સોમની સુરક્ષામાં વધારો કરવમાં આવ્યો છે. જયારે અયોધ્યા મધ્યસ્થતા કમિટીની સુરક્ષા પછી લેવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે યુપી સરકારની સિક્યુરિટી રીવ્યુ કમિટીની બેઠક યોજાઈ હતી. જેમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના આદેશ મુજબ સુરક્ષામાં બદલાવ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. સિક્યુરિટી રીવ્યુ કમિટીએ અયોધ્યા મધ્યસ્થતા કમિટીની સુરક્ષા પાછી લેવાનો નિર્ણય કર્યો છે. આ સિવાય રાજ્ય મંત્રી નંદ ગોપાલ નંદીને ઝેડ કક્ષાની સુરક્ષા આપવામાં આવી હતી. તેમજ બીજેપીના સંગીમ સોમની સુરક્ષા વધારીને ઝાડ કરવામાં આવી છે.

### સાવરકર વિશે પરિસંવાદ યોજવાની પરવાનગી ન આપી

## રાજસ્થાન સરકારે પાઠ્યપુસ્તકોમાંથી વીર સાવરકરના નામ સાથેના વીર શબ્દને દૂર કર્યો

(જી.એન.એસ)જયપુર, રાજસ્થાનની કોંગ્રેસી સરકારે સ્કૂલોના પાઠ્યપુસ્તકોમાં પ્રકાશિત વીર સાવરકરના પાઠમાંથી વીર શબ્દ દૂર કરાવ્યો હતો અને સાવરકર વિશે પરિસંવાદ યોજવાની પરવાનગી આપવાનો પણ ઈનકાર કર્યો હતો.

હજુ તો માત્ર છ માસ પહેલા રાજસ્થાનમાં કોંગ્રેસની સરકાર સ્થપાઈ હતી. અશોક ગેહલોત મુખ્ય પ્રધાન છે. રાજસ્થાન એજયુકેશન બોર્ડે ૧૨મા ધોરણના પાઠ્યપુસ્તકમાં રહેલા વીર સાવરકરના પાઠમાંથી વીર શબ્દ હટાવવાનો આદેશ આપ્યો હતો.

બીજી બાજુ રાજસ્થાન યુનિવર્સિટીએ ઈન્ડિયન કાઉન્સિલ ફોર હિસ્ટોરીકલ રિસર્ચને સાવરકર વિશે પરિસંવાદ યોજવાની પરવાનગી આપવાનો ઈનકાર કર્યો હતો. રાજ્ય સરકારના ઈશારે આ પગલું લેવાયું હોવાનું કહેવાય છે. ઈન્ડિયન કાઉન્સિલ ફોર હિસ્ટોરીકલ રિસર્ચ કેન્દ્ર સરકારના અનુદાનથી ચાલતી એક સ્વાયત્ત શૈક્ષણિક સંસ્થા છે. આ સંસ્થાએ મલ્ટિસિટી ટૉક સિરિઝ હેઠળ સાવરકર વિશે પરિસંવાદ યોજવાની પરવાનગી માગી હતી. એ નકારવામાં આવી હતી.

### ઈન્ફોસિસિના સીઈઓ પારેખ વિરુદ્ધ વધુ એક ફરિયાદ

## ઈન્ફોસિસના સીઈઓ સલિલ પારેખનું મુંબઈમાં રહેવું અયોગ્ય : વ્હિસલબ્લોઅર

(જી.એન.એસ)મુંબઈ, ઈન્ફોસિસના સીઈઓ સલિલ પારેખ વિરુદ્ધ વધુ એક વ્હિસલબ્લોઅરે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદીએ જણાવ્યું છે કે પારેખે ઈન્ફોસિસ જોઈન કર્યું ત્યારથી એક વર્ષ અને આઠ મહિના થયા છે, પરંતુ તે મુંબઈથ જ કામ કરી રહ્યા છે. આ રીતે સીઈઓ બેંગ્લુરુમાં રહેવાની શરતનું ઉલ્લંઘન કરી રહ્યા છે. મંગળવારે આ અંગેની માહિતી સામે આવતા ખળભળાટ મચી ગયો છે.

રિપોર્ટ મુજબ વ્હિસલબ્લોઅરે ઈન્ફોસિસના ચેરમેન નંદન નિલેકણી અને બોર્ડ ઓફ ડાયરેક્ટર્સના નામે એક તારીખ વગરના પત્રમાં પ્રશ્ન કર્યો છે કે, એવું ક્યું કારણ છે જે પારેખને બેંગલુરુ મોકલવાથી બોર્ડને રોકી રહ્યું છે.

વ્હિસલબ્લોઅરે પોતાને કંપનીનો ફાઈનાન્સ વિભાગનો કર્મચારી ગણાવ્યો હતો. તેણે પત્રમાં લખ્યું કે, 'હું મારું નામ ના જણાવી શકું, કારણ કે આવું કરવાથી મારી વિરુદ્ધ બદલાની કાર્યવાહી થવાનો ડર છે. એક કર્મચારી અને શેરધારક હોવાથી મારી ફરજ છે કે પારેખ સંબંધિત આવા તથ્યો જેનાથી કંપનીના મૂલ્યનો નુકસાન થઈ રહ્યું છે, તેની માહિતી ચેરમેન અને બોર્ડને આપવામાં આવે. આશા છે કે તમે ઈન્ફોસિસની સાચી વિચારધારાને ધ્યાનમાં રાખીને પોતાની જવાબદારી નિભાવશો.

## કોંગ્રેસના વરિષ્ઠ નેતા ડી.કે.શિવકુમારની તબિયત લથડતાં હોસ્પિટલમાં દાખલ કરાયા



(જી.એન.એસ)બેંગ્લુરુ, કર્ણાટક કોંગ્રેસના વરિષ્ઠ નેતા ડીકે શિવકુમારને મોડી રાતે બેંગલુરુની હોસ્પિટલમાં ભરતી કરાવવામાં આવ્યા છે. મોડ઼ી રાતે અચાનક તેમની તબિયત બગડી ગઈ ત્યારબાદ તેમને હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યા. ડીકે શિવકુમારને રાતે અચાનક છાતીમાં દુઃખાવો થવા લાગ્યો જેના કારણે તેમને ભરતી કરવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે આ પહેલા પણ એક નવેમ્બરે શિવકુમારની તબિયત બગડી ગઈ હતી અને તેમને હાઈ બ્લડ પ્રેશર અને શુગર લેવલ વધવાના કારણે હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે ડીકે શિવકુમાર મની લૉન્ડ્રીંગ કેસમાં કાયદાકીય કાર્યવાહીનો સામનો કરી રહ્યા છે અને હાલમાં જ જેલમાંથી છૂટ્યા છે. શિવકુમારને ૫૦ દિવસની કસ્ટડી બાદ દિલ્લી ન્યાયાલયમાંથી શરતી જામીન પર તિહાર જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા.

### હિન્દુ નેતાઓની હત્યાનું કાવતરું હતું,મહિલા લુધિયાણામાં નર્સનું કામ કરતી હતી

## પંજાબ પોલીસે એક મહિલા સહિત ૨ ખાલિસ્તાની આતંકવાદી ઝડપ્યા

(જી.એન.એસ)ન્યુ દિલ્હી, પંજાબ પોલીસની ઓપરેશન શાખાએ એક મહિલા સહિત ૨ ખાલિસ્તાની આતંકવાદીને પકડ્યા હોવાનો દાવો કર્યો હતો. આ મહિલા લુધિયાણામાં નર્સ તરીકે કામ કરતી હતી. બીજી અટકાયત ગુરદાસપુરમાં થઈ હતી.

પોલીસે એવી માહિતી આપી હતી કે આ બંને ખાલિસ્તાની આતંકવાદીઓ હિન્દુ નેતાઓની હત્યા કરવાનું કાવતરું ઘડી રહ્યા હતા. ઉપરાંત પંજાબમાં નવેસર ખાલિસ્તાન તરફી આંદોલન શરૂ કરવાની તેમની યોજના હતી.

મહિલાની ઓળખ સુરીન્દર કૌર તરીકે અપાઈ હતી. એ ફરીદકોટની રહેવાસી છે અને લુધિયાણામાં એક પ્રાઈવેટ નર્સિંગ હોમમાં નર્સ તરીકે કામ કરતી હતી. એના સાથીદારની ઓળખ લખબીર સિંઘ તરીકે અપાઈ હતી.

એ મૂળ હોશિયારપુરનો રહેવાસી છે અને ડ્રાઈવર તરીકે કામ કરે છે. આ બંને સોશ્યલ મિડિયા દ્વારા એકમેકના દોસ્ત બન્યા હતા અને ફેસબુક ફ્રેન્ડ હતા. પંજાબ પોલીસની સાઈબર સેલ છેલ્લા થોડા સમયથી આ બંને પર નજર રાખી રહી હતી.

## ગાંબદરલમાં એન્કાઉન્ટરઃ સેનાએ બે આતંકીઓને ઠાર કર્યા

(જી.એન.એસ)ગાંદરબલ, જમ્મુ-કાશ્મીરમાં ગાંદરબલ જિલ્લાના ગુંડમાં સેનાની કાર્યવાહીમાં મંગળવારે ૨ આતંકીઓને ઠાર કરવામાં આવ્યા છે. એક જવાન ઘાયલ થયો છે. ત્રણ દિવસમાં બાંદીપોરા અને ગાંદરબલ જિલ્લામાં સેના અને આતંકીઓ વચ્ચેની અથડામણમાં અત્યાર સુધી પાંચ આતંકીઓને ઠાર કરવામાં આવ્યા છે. આ પહેલાં લશકર-એ-તોઈબાના બે આતંકીઓને ઠાર કરવામાં આવ્યા છે. રવિવારે પણ એક આતંકીને ઠાર કરાયો હતો.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આતંકીઓ છુપાયા હોવાની માહિતી મળ્યા પછી રાષ્ટ્રીય રાઈફલ્સ, જમ્મુ-કાશ્મીરના સ્પેશિયલ ઓપરેશન અને સીઆરપીએફએ સંયુકત અભિયાન ચલાવ્યું હતું. સેનાએ સમગ્ર વિસ્તારને ઘેરી લીધો હતો. સેનાએ જણાવ્યું કે, ઘટના સ્થળે વધારાની સેના મોકલવામાં આવી હતી. કાશ્મીર પોલીસે ટ્વિટ કર્યું હતું કે, ગાંદરબાલના ગુંડમાં આતંકીઓ સાથેના એકાઉન્ટમાં મોટી માત્રામાં હથિયાર અને દારૂગોળો મળી આવ્યો છે. એક સપ્તાહ પહેલાં અવંતીપોરામાં સેનાએ ૩ આતંકીઓને ઠાર કર્યા હતા.

### ભારત-પાક.સહમતિથી કાશ્મીરના ભલા માટે કામ કરે

## કાશ્મીર ભારત અને પાકિસ્તાનનો દ્વિપક્ષીય મુદ્દો છેઃ લેબર પાર્ટી

(જી.એન.એસ)લંડન, કાશ્મીર મુદ્દે બ્રિટનની લેબર પાર્ટીએ સ્પષ્ટીકરણ જાહેર કર્યું છે. લેબર પાર્ટીએ ચીફ ઈયાન લવેરીએ પાર્ટી તરફથી એક પત્ર જારી કરતા કહ્યું કે લેબર પાર્ટી કાશ્મીર મુદ્દે પોતાના સ્ટેન્ડ પર કાયમ રહેશે. નેશનલ પાર્ટી ફોરમે રાષ્ટ્રીય રિપોર્ટ ૨૦૧૯માં એ વાતનો ઉલ્લેખ કર્યો છે કે કાશ્મીર મામલો ભારત અને પાકિસ્તાન નો દ્વિપક્ષીય મુદ્દો છે. ભારત અને પાકિસ્તાને સહનતીપૂર્ણ રીતે સહમતીથી કાશ્મીરના લોકોની ભલાઈ માટે કામ કરવું પડશે. બન્ને દેશોને કાશ્મીરી લોકોના અધિકારો એન સન્માન માટે મળીને કામ કરવું પડશે. વધુ માં પત્રમાં જણાવ્યું છે કે કાશ્મીર મુદ્દે લેબર પાર્ટીનું માનવું છે કે આ મામલે કોઈ પણ આંતરરાષ્ટ્રીય હસ્તક્ષેપની જરુરીયાત નથી. લેબર પાર્ટી આ મામલે કોઈ પણ રીતના આતંરરાષ્ટ્રીય હસ્તક્ષેપનો વિરોધ કરે છે.

જો કે આ પહેલા ૨૫ સપ્ટેમ્બર ૨૦૧૯માં લેબર પાર્ટીએ કોન્ફ્રન્સમાં આ મુદ્દે આતંરરાષ્ટ્રીય હસ્તક્ષેપ અને સંયુક્ત રાષ્ટ્રમાં લોકમતની માંગ કરી હતી.

## ૧૦થી ૧૫ વર્ષમાં ભારત ૧૦ ટ્રિલિયન ડૉલરનું અર્થતંત્ર બની જશેઃ રાજનાથ



(જી.એન.એસ)ન્યુ દિલ્હી, આવનારા ૧૦થી ૧૫ વર્ષમાં ભારત ૧૦ ટ્રિલિયન ડૉલરનું અર્થતંત્ર બની જશે એવો વિશ્ર્વાસ સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે વ્યક્ત કર્યો હતો. 'ડિફેન્સ કનેક્ટ ૨૦૧૯'ના ઉદ્ઘાટન સમારોહમાં બોલતાં તેમણે કહ્યું હતું કે આજે સ્ટાર્ટઅપ્સને નિહાળીને હું ગર્વની લાગણી અનુભવું છું.

વર્ષ ૨૦૨૪ સુધીમાં દેશના અર્થતંત્રને પાંચ ટ્રિલિયન ડૉલરનું બનાવવાનું વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વચન આપ્યું છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ભારતમાં પડેલી પ્રતિભાને નિહાળતા મને વિશ્ર્વાસ છે કે આવતા ૧૦થી ૧૫ વર્ષમાં દેશનું અર્થતંત્ર ૧૦ ટ્રિલિયન ડૉલરનું થઈ જશે.

સાવચેતીપૂર્વકની પ્રક્રિયા હાથ પરના પ્રોજેક્ટોને આદર્શ વાતાવરણ પૂરું નહીં પાડી શકે તો તે નિષ્ફળ જઈ શકે છે. સંશોધન, વિકાસ અને ઉત્પાદનની પ્રક્રિયાને સહયોગી પ્રક્રિયા લેખાવી તેમણે જાહેર અને ખાનગી ક્ષેત્ર વચ્ચે સંવાદિતા સાધવાની હાકલ કરી હતી.સંરક્ષણ ઉદ્યોગને સ્વાયત્ત બનાવવા અને રાષ્ટ્રનિર્માણ માટે સરકારને સંપૂર્ણ ટેકાની તેમણે જાહેરાત કરી હતી.

## હવે બે જ દિવસમાં મોબાઈલ પોર્ટેબિલીટીઃ ૧૬ ડિસેમ્બરથી અમલ

(જી.એન.એસ)ન્યુ દિલ્હી, ટેલિકોમ રેગ્યૂલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા-ટ્રાઈએ એમએનપી માટે નવી તારીખ જાહેર કરી છે. મોબાઈલ નંબર પોર્ટેબિલિટી માટે નવા નિયમો ૧૬ ડિસેમ્બરથી લાગુ કરવામાં આવશે. એમએનપી માટે પહેલાં એક અઠવાડિયાનો સમય લાગતો હતો તે હવે ૨ દિવસનો થઈ જશે.. અગાઉ આ સમય ૫ થી ૭ દિવસનો હતો. આપને જણાવીએ કે ટ્રાઈએ આ નિયમના અમલ માટે ૧૧ નવેમ્બરની તારીખ નક્કી કરી હતી.

ટ્રાઈએ કહ્યું હતું કે ટેલિકોમ ઓપરેટરો દ્વારા થઈ રહેલાં પરીક્ષણમાં કેટલીક સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે, જેના કારણે નવા નિયમોના અમલમાં મોડું થઈ રહ્યું છે.

ટ્રાઈ ઈચ્છે છે કે નિયમોનો અમલ કરતા પહેલાં તેની સંપૂર્ણ ચકાસણી કરવામાં આવે જેથી વપરાશકર્તાઓને કોઈપણ પ્રકારની મુશ્કેલીનો સામનો કરવો ન પડે. આ પ્રક્રિયાને પૂર્ણ કરવા માટે એમએનપી સેવા પ્રદાતાઓ અને ટેલિકોમ ઓપરેટર્સની સહાય આવશ્યક છે

નવા એમએનપી નિયમો લાગુ થયા પછી, વપરાશકર્તાઓ તેમનો નંબર બદલ્યા વિના એક ઓપરેટરથી બીજા ઓપરેટરમાં બે દિવસમાં જ પોર્ટ કરી શકશે.હાલમાં નંબર બંદલવામાં ૭ દિવસનો સમય લાગે છે. પરંતુ નવા નિયમો હેઠળ આ સમય ૨ દિવસનો રહેશે. જો એમએનપી સમય ૨ દિવસનો થશે તો તે ટેલિકોમ ક્ષેત્રની મોટી ઉપલબ્ધિ સાબિત થશે.

### બિહારના મુઝફ્ફરપુર જિલ્લામાં ગ્રામ પંચાયતનો આદેશ

## 'તારૂ બાળક વેચી દઈને મુક્ત થઈ જા' સગીર રેપ પીડિતાને પંચાયતનો આદેશ

(જી.એન.એસ)મુઝફ્ફરનગર, બિહારના મુઝફ્ફરપુર જિલ્લામાં એક ગ્રામ પંચાયતે સગીર વયની રેપ પીડિતા માતા બનતાં એને એવો આદેશ આપ્યો હતો કે તારું બાળક નિઃસંતાન દંપતીને વેચી દઈને મુક્ત થઈ જા. આ બાળકીની ફરિયાદ પરથી પોલીસે તરત કેસ નોંધ્યો હતો અને આઈપીસીની વિવિધ કલમો હેઠળ ભાગેડુ આરોપીઓ સામે એફઆઈઆર નોંધી હતી. આ બાળકી પર એક મૌલવી અને એક ઈલેક્ટ્રિશિયને બળાત્કાર કર્યો હતો. હાલ આ બંને નાસતા ફરી રહ્યા છે. પોલીસ તપાસ ચાલુ હતી.

આ બાળકીએ ગ્રામ પંચાયત સમક્ષ ફરિયાદ કરી હતી અને ડીએનએ ટેસ્ટ દ્વારા બાળકના પિતાની સાચ્ચી ઓળખ કરાવીને પોતાને ન્યાય આપવાની વિનંતી કરી હતી. પરંતુ ગ્રામ પંચાયતે એને એવો આદેશ આપ્યો હતો કે તારું બાળક વેચી દઈને મુક્ત થઈ જા.

મુઝફ્ફપુરના પોલીસ સુપરિન્ટેન્ડન્ટે કહ્યું હતું કે કેસની વિગત કંઈક આ પ્રકારની છે. ગામના લોકો રોજ વારાફરતી મૌલવીને ભોજન મોકલતા હતા. આ વર્ષના જાન્યુઆરીમાં એક બાળકી એને ભોજન આપવા ગઈ ત્યારે એણે બાળકીને કોઈ રીતે બેહોશ કરીને એના પર બળાત્કાર કર્યો. આ ઘટનાનો વીડિયો પણ બનાવી લીધો અને એ વીડિયોના આધારે બ્લેકમેલ કરીને બાળકી પર સતત રેપ કરતો રહ્યો. આ વાતની જાણ એક ઈલેક્ટ્રિશિયનને થતાં એણે પણ આ બાળકીનો ગેરલાભ લેવાનું શરૂ કર્યું. બાળકી પ્રેગનન્ટ થતાં પોતાની પોલ ખુલી જશે એવા ડરે આ બંને ગામમાંથી નાસી ગયા.

### રસ્તા પર અડધો ફૂટ સુધી બરફ પડ્યો

## શિકાગોમાં બરફનું સામ્રાજ્યઃ ૧૨૦૦થી વધુ ફ્લાઈટો રદ

(જી.એન.એસ)વૉશિંગ્ટન, અમેરિકાના શિકાગોમાં ઓહારા અને મિડવે એરપોર્ટ પર મોટા પ્રમાણમાં બરફ હોવાને કારણે સોમવારે ૧,૨૦૦થી વધુ ઉડાનોને રદ કરવામાં આવી છે. શહેર અને આસપાસના વિસ્તારમાં ભારે વરસાદ થયો છે.

શિકાગો ડિપાર્ટમેન્ટ ઓફ એવિએશનના જણાવ્યા મુજબ, સાંજે ૫ વાગ્યા સુધી ઓહારા આતંરારાષ્ટ્રીય એરપોર્ટ પર ૧,૧૧૪ ઉડાનોને રદ કરવામાં આવી છે, જ્યારે મિડવે પર ૯૮ ઉડાનો રદ કરવામાં આવી છે.અમેરિકાના મોસમ વિભાગના જણાવ્યા મુજબ, શિકાગોના ઉતર અને મધ્ય વિસ્તારમાં ભારે વરસાદ થયો છે. આ ક્ષેત્રમાં ત્રણથી છ ઈંચ જેટલો બરફ છવાયો છે. મંગળવારે બપોર બાદ બરફના વરસાદની શકયતા છે. એબીસી ન્યુઝના જણાવ્યા મુજબ, સોમવારે રનવે પર જામેલા બરફના કારણે એક વિમાનને ખેંચીને લાવવામાં આવ્યું છે.

સોમવારે શિકાગોના રસ્તા પર અડધો ફુટ સુધી બરફ પડ્યો છે. ઉતર પશ્ચિમ ઈન્ડિયામાં છ ઈંચ સુધી બરફ પડ્યો છે. કેટલાક સ્થાનીક લોકોનું કહેવું છે કે ઠડી આ વખતે ઝડપથી આવી ગઈ છે. એક વ્યક્તિએ કહ્યું કે અહીં હું ૬૦ વર્ષથી છું, પરંતુ ક્યારે પણ આટલી ઝડપથી ઠંડીનો અનુભવ થયો નથી.

### રાજીવ ગાંધી હત્યાકાંડ

## દોષી પેરારિવલનને બીમાર પિતાની દેખરેખ માટે ૩૦ દિવસની પેરોલ મળી

(જી.એન.એસ)ન્યુ દિલ્હી, રાજીવ ગાંધી હત્યાકાંડ મામલામાં સજા ભોગવી રહેલા એજી પેરારિવલન મંગળવારે ૩૦ દિવસના પેરોલ પર બહાર આવ્યા. પેરારિવલનને પિતાનું સ્વાસ્થ્ય ખરાબ થવાને કારણે પેરોલ આપવામાં આવી છે. તે વેલ્લૌર સેન્ટ્રલ જેલમાં બંધ છે. આ પહેલા એક અન્ય દોષી નલિનીને આ વર્ષના જુલાઈમાં પુત્રીના લગ્નની તૈયારી માટે ૩૦ દિવસની પેરોલ મળી હતી.

પેરારિવલન રાજીવ ગાંધી હત્યાકાંડમાં સજા ભોગવી રહેલા ચાર દોષીઓમાંથી એક છે. પેરારિવલન સિવાય તેમાં સંતન, મુરગન અને નલિની સામેલ છે. મુરગન નલિનીનો પતિ છે. તમિલનાડુના શ્રીપરેમ્બુદૂરમાં એક ચૂંટણી રેલી દરમિયાન ૨૧ મે ૧૯૯૧માં લિટ્ટેના આત્મઘાતી હુમલામાં પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીનું મોત થયું હતું.

# દાગીના જોવાના બહાને સોનાની ચોરી કરતું ઠગ દંપતી ઝડપાયું

(જી.એન.એસ)અમદાવાદ, અમદાવાદ શહેરના પોશ વિસ્તારમાં આવેલ જવેલર્સના શૉ-રુમમાં સોનાની ચોરીની ઘટનાઓ વધી ગઈ હતી જેને લઈ શહેર પોલીસની સાથો સાથ ક્રાઈમ બ્રાન્ચ પણ કામે લાગી ગઈ હતી. દરમિયાન સીસીટીવી ફૂટેજના આધારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચએ પૂનમ રંગવાણી અને કમલેશ રંગવાણી નામના એક ઠગ દંપતીને ઝડપી પાડયું છે.

પોલીસની તપાસમાં આ દંપતીએ શહેરના ૫ શો-રૂમમાંથી ચોરી કર્યા હોવાની કબૂલાત પણ કરી લીધી છે. આ લોકોએ આ ૫ શો-રૂમ સિવાય અન્ય જગ્યાએ પણ આવી રીતે ચોરી કરી હોવાની કબૂલાત કરી છે. આ લોકોના ચહેરા સીસીટીવીમાં આવી જતાં આ લોકો મૂળ રાજસ્થાનના ગામ અજમેર જતાં રહયા હતા પરંતુ પરત પોતાના સગાને મળવા આવવાના છે તેવી માહિતીના આધારે ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે.

મળતી માહિતી પ્રમાણે આ લોકો કોઈ પણ શૉ રૂમ માં જાય ત્યારે ત્યાંના હાજર કર્મચારીને દાગીના જોવા માંગતા હતા અને અલગ-અલગ દાગીના જોતી વખતે પૂનમ દાગીના પોતાના પર્સમાં રાખી લેતી હતી.પોલીસની તપાસમાં સામે આવ્યું છે કે આ લોકો આ સિવાય આગાઉ રાજસ્થાન,દિલ્હી,મુંબઈ,કોલકત્તા સહિત અન્ય જગ્યા પકડાઈ ચુક્યા છે. હાલ ક્રાઈમ બ્રાન્ચે તેમની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

# ભાજપના નેતા આઈ.કે. જાડેજાએ શિવસેનાની મજાક ઉડાવતું ટ્વીટ કર્યું

(જી.એન.એસ)ગાંધીનગર, ગુજરાત ભાજપના નેતાએ શિવસેનાને ટાંકી ટ્વીટ કર્યું છે જેમા તેમણે શિવસેના પર આકરો પ્રહાર કર્યો છે. ગુજરાત ભાજપના નેતા આઈ.કે જાડેજાએ શિવસેનાની મજાક ઉડાવતા ટ્વીટ કર્યું છે જેમા તેમણે કહ્યું છે કે,''મોટા ભાઈએ શિવસેનાની એવી હાલત કરી છે કે, જમણવારમાં ગયા તો જમવાનું પૂર્ણ થઈ ગયુ અને બહાર આવ્યા તો ચંપ્પલ પણ ચોરી થઈ ગયા''. આ સાથે જ તેમણે પોતાના ટ્વીટના અંતમાં એક હસતો ઈમોજી પણ મૂક્યો છે.

બાદમાં તેમણે આ ટ્વીટને હટાવી દીધુ હતું. તમને જણાવી દઈએ કે, આ પહેલા ભાજપ અને શિવસેનાએ સાથે મળીને મહારાષ્ટ્રમાં ચૂંટણી લડી હતી પરંતુ બંન્ને ચૂંટણી બાદ પોતાની પાર્ટીના મુખ્યમંત્રી બનાવવાને લઈ સામસામે આવી ગયા હતા. અને બંન્ને પાર્ટીએ પોતાના ૩૦ વર્ષ જૂના સંબંધનો અંત આણી દીધો હતો.

# ઘરેલુ કંકાશથી કંટાળી પતિએ પત્ની પર એસિડ એટેક કરતા અરેરાટી વ્યાપી

(જી.એન.એસ)અમરોલી, અમરોલી સ્થિત જલારામ પેટ્રોલ પંપ નજીક રઘુવીર સોસાયટીમાં રહેતા રત્નકલાકાર જીગ્નેશ કનુભાઈ પરમારના લગ્ન સાતેક વર્ષ અગાઉ ભુમી રમેશ પટેલ (ઉ.વ. ૨૭) (રહે. સન્ડે રેસીડેન્સી, સાયણ રોડ અને મૂળ કાંકરા ડુંગરી ગામ, તા. હાલોલ, જિ. પંચમહાલ) સાથે થયા હતા.

સાત વર્ષના દાંમ્પત્યજીવન દરમ્યાન એક પુત્ર છે અને ધોરણ ૧ માં અભ્યાસ કરે છે.

ઘરમાં સાડીના દોરા કટીંગ કરવાનું કામ કરતી ભુમી અને રત્નકલાકાર પતિ જીગ્નેશ વચ્ચે છેલ્લા ઘણા સમયથી નાની-નાની બાબતોએ ઝઘડા થતા હતા. પતિ-પત્ની વચ્ચેના રોજબરોજના ઝઘડાથી પરિજનો અને પડોશીઓ પણ કંટાળી ગયા હતા.

રોજબરોજના ઝઘડાથી કંટાળેલી ભુમી છેલ્લા છ માસથી પિયરમાં રહેતી હતી અને તેને સમજાવીને પરત પોતાના ઘરે લાવવા માટે જીગ્નેશે પ્રયત્ન કર્યા હતા પરંતુ ભુમીએ સાસરે આવવાનો ઈક્રાર કરી દીધો હતો. જેથી જીગ્નેશ કંટાળી ગયો હતો. દરમ્યાનમાં ગત રોજ ભુમી અમરોલી-સાયણ રોડ સ્થિત બીઆરટીએસ બસ ડેપો પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે કોઈક જલદ પ્રવાહી વડે હુમલો કરી જીગ્નેશ ભાગી ગયો હતો. જલદ પ્રવાહી પોતાના મોંઢા ઉપર પડતા થયેલી બળતરાને પગલે ભુમીએ બુમાબુમ કરી મુકતા લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને તુરંત જ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા.બીજી તરફ એકત્ર થયેલા લોકોએ જલદ પ્રવાહી વડે હુમલો કરનાર પતિ જીગ્નેશને ઝડપી પાડી અમરોલી પોલીસને હવાલે કર્યો હતો. પોલીસે જીગ્નેશ કનુ પરમાર (ઉ.વ. ૨૮) ની ધરપકડ કરી છે.

# સ્મિથનાં કરિયરની સૌથી ધીમી સદી, ૪૨મી સદી પૂરી કરવા ૨૯૦ બોલ લીધા



(જી.એન.એસ)મેલબર્ન, પાકિસ્તાન સામેની ટેસ્ટ સીરિઝ પહેલા ઓસ્ટ્રેલિયાના પૂર્વ કપ્તાન સ્ટીવ સ્મિથે શેફિલ્ડ શિલ્ડમાં ન્યૂ સાઉથ વેલ્સ માટે રમતાં વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ પોતાના કરિયરની સૌથી ધીમી સદી ફટકારી હતી. સ્મિથે ૬ કલાક બેટિંગ કરતાં ફર્સ્ટ ક્લાસ કરિયરની ૪૨મી સદી પૂરી કરવા ૨૯૦ બોલ લીધા હતા. અગાઉ તેણે ૨૦૧૭ની એશિઝમાં ગાબા ખાતે ૨૬૦ બોલમાં સદી મારી હતી. આ અંગે વાત કરતા સ્મિથે કહ્યું કે, ટી-૨૦ રમ્યા પછી ટેસ્ટ ઝોનમાં પાછું ફરવું જરૂરી હતું. મેં ક્રિઝ પર સમય લીધો હતો અને હું મારી બેટિંગથી ખુશ છું. સ્મિથે કહ્યું કે, "મેં ધાર્યા કરતા ધીમી બેટિંગ કરી હતી કારણકે બોલ ધીમો આવી રહ્યો હતો અને રન કરવા સરળ ન હતા.

મારુ માનવું છે કે, હું જયારે સમય લઈને દરેક બોલને મેરીટ પ્રમાણે રમું છું ત્યારે મારી શ્રેષ્ઠ રમત રમું છું. તેમને પણ ક્રેડિટ મળવો જોઈએ, તેમણે સારા એરિયામાં બોલિંગ કરીને રન કરવા અઘરા કર્યા હતા." સ્મિથ ૧૦૩ રને માર્ક્સ સ્ટોઈનિસની બોલિંગમાં આઉટ થયો હતો, જોકે તે આઉટ હતો કે નહીં તે સ્પષ્ટ થયું નથી. સ્મિથે કહ્યું કે, મને નથી લાગતું કે હું બોલને અડ્યો હતો, પરંતુ ક્રિકેટમાં તેવું ચાલ્યા કરે.

સ્મિથ બોલ ટેમ્પરિંગના બેન પછી પ્રથમવાર ઘરઆંગણે ટેસ્ટ ક્રિકેટ રમશે. તેણે કહ્યું કે, મને ગાબા ખાતે રમવું ગમે છે, ત્યાં ઓસ્ટ્રેલિયાનો રેકોર્ડ બહુ સારો રહ્યો છે. હું ઘરઆંગણે હોમ ફેન્સ સામે ટેસ્ટ ક્રિકેટ રમવા ઉત્સાહિત છું.

# શ્રીલંકા મેચ ફિક્સિંગને ગુનો ગણનાર પ્રથમ એશિયન દેશ, ૧૦ વર્ષની સજાની જોગવાઈ

(જી.એન.એસ)કોલંબો, શ્રીલંકા મેચ ફિક્સિંગને અપરાધ ગણનાર પ્રથમ એશિયન દેશ બન્યો છે. તેના સંસદમાં રમત સંબંધિત અપરાધથી જોડાયેલ એક બિલ પાસ કરવામાં આવ્યું છે. આ બિલ પાસ થયા પછી શ્રીલંકામાં મેચ ફિક્સિંગને અપરાધ માનવામાં આવશે. મેચ ફિક્સિંગ અને ભ્રષ્ટાચારથી જોડાયેલ આ નવો કાયદો દરેક રમત પર લાગુ પડશે. એક ક્રિકેટ વેબસાઈટ પર આ જાણકારી સામે આવી છે કે, આ કાયદો હેઠળ કોઈ ખેલાડી અપરાધ કરે છે તો તેને ૧૦ વર્ષની સજા ફટકારવામાં આવશે. તે ઉપરાંત તેને ભારી દંડ પણ ભરવો પડશે. માનવામાં આવી રહ્યું છે કે હાલમાં જ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલના એન્ટી કરપ્શન યુનિટ દ્વારા શ્રીલંકામાં મેચ ફિક્સિંગ અંગે તપાસ કરવામાં આવી હતી. તે તપાસ પછી જ આ બિલ તૈયાર કરવામાં આવ્યું હોવાનું કહેવાય છે.શ્રીલંકાના સ્પોર્ટ્સ મિનિસ્ટર હરિન ફર્નાન્ડોએ આ બિલને સંસદમાં રજૂ કર્યું છે, આ બિલને પૂર્વ કપ્તાન અર્જુન રણાતુંગાએ પોતાનું સમર્થન આપ્યું છે. અર્જુન હાલની સરકારમાં કેબિનેટ મંત્રી છે. આ બિલ બનાવવા માટે સ્પોર્ટ્સ મિનિસ્ટરે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલના એન્ટી કરપ્શન યુનિટ સાથે મળીને કામ કર્યું હતું. આ કાયદા હેઠળ જે ફિક્સિંગમાં શામેલ હશે તેને દંડ ફટકારવામાં આવશે. મેચ ઓફિશિયલ્સથી લઈને પિચ ક્યુરેટર સુધી તમામ ઉપર આ કાયદો લાગુ પડશે. મતલબ કે જો પિચ ક્યુરેટર બુકીઓ પ્રમાણે પિચ તૈયાર કરે તો તેને પણ જેલ જવું પડશે.

# પતિની મારઝૂડથી કંટાળી હત્યા કરનાર પત્ની અને પ્રેમીની ધરપકડ

(જી.એન.એસ)રાજકોટ, રાજકોટ શહેરની ભાગોળે કોઠારિયા સોલવન્ટ પાસેના મચ્છોનગરમાં રહેતા પરેશ નાથાભાઈ ગોહેલ નામના યુવકની ગળાટૂંપો દઈ હત્યા કરાયેલી લાશ મળવાના ચકચારી પ્રકરણનો ભેદ પોલીસે ઉકેલી નાખ્યો છે. પોલીસે તેની પત્ની કિરણબેન અને તેના પ્રેમી મયુર ઉર્ફે મયલો ચંદુભાઈ ચાવડીયાની ધરપકડ કરી છે. પરેશ તેની પત્ની કિરણ અને બાળકોને અવારનવાર મારતો હતો. આથી કિરણે તેના પ્રેમી મયુરને સાથે રાખી પરેશનું ગળુ દબાવી હત્યા કરી હતી.

કોઠારિયા સોલવન્ટ પાણીના ટાંકા નજીક આદર્શ ગ્રીન સોસાયટી સામે ખુલ્લા પટમાંથી શનિવારે મચ્છોનગરના યુવક પરેશ નાથાભાઈ ગોહેલ (ઉ.વ.૪૨)ની લાશ મળી આવી હતી. મૃતકના ગળાના ભાગે ઈજાના નિશાન હોવાથી આજી ડેમ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ રાઠોડ સહિતના સ્ટાફે લાશનું ફોરેન્સિક નિષ્ણાંત પાસે પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. પરેશને ગળાટૂંપો દઈ મોતને ઘાટ ઉતારી દેવાયાનો પર્દાફાશ થતાં પોલીસે મૃતકના મોટાભાઈ કાળુભાઈ નાથાભાઈ ગોહેલની ફરિયાદ પરથી હત્યાનો ગુનો નોંધ્યો હતો.

લાશ જ્યાંથી મળી તે સ્થળે સીસીટીવી કેમેરા ન હોય તેમજ મૃતક મોબાઈલ રાખતો નહીં હોવાથી હત્યારા સુધી પહોંચવું પોલીસ માટે પડકારરૂપ બન્યું હતું.

પોલીસે બાતમીદારોને કામે લગાડતાં હત્યાનો ભેદ ઉકેલાઈ ગયો હતો. પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ પરેશ અને તેની પત્નીને લાંબા સમયથી મનમેળ નહોતો. પરેશ તેની પત્ની અને સંતાનોને છોડી મચ્છોનગરમાં તેની માતા સાથે રહેતો હતો.

# દિલ્હીના ૨ વેપારીએ ટેક્સટાઈલ માર્કેટના વેપારીને રૂ. ૧૩ લાખનો ચુનો લગાવ્યો

(જી.એન.એસ)સુરત, રીંગરોડ સ્થિત સુરત ટેક્સટાઈલ માર્કેટમાં મનભરી પ્રિન્ટર્સ અને મનભરી ફેશન નામે છેલ્લા ૩૦ વર્ષથી કાપડનો હોલસેલ વ્યાપારી નરેન્દ્ર રામઅવતાર સાબુ (ઉ.વ. ૫૦ રહે. વિજયનગર સોસાયટી, એસ.આઈ.ડી.એસ હોસ્પિટલ લાઈન, મજુરા ગેટ)ના પરિચીત દિલ્હીના બે વ્યાપારી કોમલ સોબતી અને અમિત અરોરાએ મે ૨૦૧૯માં પોતે દિલ્હીમાં મોટા પાયે કાપડનો ધંધો કરે છે અને સુરતના ૧૦૦થી વધુ વ્યાપારીઓ પાસેથી માલ ખરીદે છે અને સમયસર પેમેન્ટ ચુકવી આપે છે તેવી વાત કરી હતી.

જેથી નરેન્દ્રએ ૩૦ દિવસમાં પેમેન્ટ ચુકવવાના વાયદે તા. ૮મે ૨૦૧૯થી ૧૮ જુન ૨૦૧૯ દરમ્યાન પોતાની મનભરી પ્રિન્ટર્સ નામની ફર્મમાંથી અલગ-અલગ બિલ બનાવી કોમલ અને અમિતની લક્ષ્મી ટેક્સટાઈલ નામની ફર્મમાં રૂા. ૧૩.૧૯ લાખનો સાડીનો જથ્થો મોકલાવ્યો હતો.

જો કે બંન્ને જણાએ વાયદા મુજબ ૩૦ દિવસમાં પેમેન્ટ ચુકવ્યું ન્હોતું અને પેમેન્ટ માટે વાયદા પર વાયદા કર્યા હતા. ત્યાર બાદ કોમલ સોબતીએ વધુ ૫ હજાર નંગ સાડીનો ઓર્ડર આપ્યો હતો અને તેના પેમેન્ટ માટે ૧૦ લાખનો એયુ સ્મોલ બેંક ફાયનાન્સનો ચેક મોકલાવ્યો હતો પરંતુ આ ચેક રિટર્ન થયો હતો જેથી નરેન્દ્રએ કોમલ સોબતીને ફોન કરી પેમેન્ટ માટેની વાતચીત કરતા વેંત કોમલ ઉશકેરાય ગયો હતો અને આજ પછી પેમેન્ટ માટે ફોન કરવો નહિ એમ કહી ફોન કટ કરી નાંખ્યો હતો.

જેથી આ અંગે છેવટે નરેન્દ્ર સાબુએ કોમલ સોબતી અને અમિત અરોરા (બંન્ને રહે. આર્ય સમાજ રોડ, કરોલ બાગ, ન્યુ દિલ્હી-૦૭) વિરૂધ્ધ સલાબતપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# બૂલેટ ટ્રેનને લઈને સુરતમાં ખેડૂતોમાં ખુશીના સમાચાર, સત્તાવાર જાહેરાત થશે

(જી.એન.એસ)સુરત, બુલેટ ટ્રેનની મંથરગતિએ ચાલી રહેલી કામગીરીને વેગ મળે તેવા અણસાર જણાયા છે. સુરતના ઓલપાડ, માંગરોળ તથા કામરેજ તાલુકાના ખેડુતોને જંત્રીનો ભાવ સાત ગણો આપવાનુ રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામા આવતા ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. ૧૩મી નવેમ્બરના રોજ મહેસુલ મંત્રી દ્વારા આ અંગે સત્તાવાર જાહેરાત કરવામા આવશે.

અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટને શરુઆતથી જ ગ્રહણ નડયું હતું. સુરત સહિત નવસારી અને મહારાષ્ટ્રના જમીન ગુમાવનારા ખેડૂતોએ વિરોધ દર્શાવી પોતાની જમીન આપવા ઈક્રાર કરી દીધો હતો. ઓલપાડ, કામરેજ અને માંગરોળના કેટલાક ખેડૂતોએ તો સરવેની કામગીરી પણ અટકાવી દીધી હતી. તેમજ ન્યાય માટે કોર્ટના દ્વાર પણ ખખડાવ્યા હતા. સુરત જિલ્લાના ઓલપાડ, કામરેજ અને માંગરોળ તાલુકાના ખેડૂતોની વાત કરીએ તો ગામોમા જંત્રીનો ભાવ રૂપિયા ૧૦૦થી પણ ઓછી છે. જેને કારણે ખેડુતોને બજાર ભાવ કરતા ખુબ જ ઓછો ભાવ મળી રહ્યો હતો. જેને કારણે ખેડૂતો સખત વિરોધ નોંધાવી રહ્યા હતા.

આ દરમિયાન ૧૦૦ રૂપિયાથી ઓછી જંત્રી ધરાવતા ખેડૂતોને યોગ્ય ભાવ મળી રહે તે માટે કલેક્ટર ડો. ધવલ પટેલની અધ્યક્ષતામા એક કમિટીની રચના કરવામા આવી હતી. આ કમિટીમાં જિલ્લા વિકાસ અધિકારી સભ્ય તરીકે સુરત સ્ટેમ્પ ડયૂટીના નાયબ કલેક્ટરની સભ્ય સચિવ તરીકે નિમણૂંક કરાઈ હતી. આ કમિટીએ ઓલપાડ, માંગરોળ અને

# માર્કેટિંગ યાર્ડમાં કપાસના ઓછા ભાવથી નારાજ ખેડૂતોએ હરાજી અટકાવી

(જી.એન.એસ)મોરબી, મોરબીના માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતોને કપાસના ભાવ ઓછા આપવામાં આવતા હોય અને નારાજ ખેડૂતોએ યાર્ડમાં હરાજી જ અટકાવી દીધી હતી. જેથી સોમવારે હરાજી બંધ રાખવામાં આવી હતી.

બનાવની મળતી માહિતી મુજબ દિવાળી બાદ માર્કેટ યાર્ડમાં કપાસની આવક જોવા મળી રહી છે અને આજે મોરબીના માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતો કપાસ લઈને પહોંચ્યા હતા. જોકે યાર્ડમાં પહોંચેલા ૩૦૦ જેટલા ખેડૂતોને કપાસનો ભાવ અયોગ્ય લાગ્યો હતો.

યાર્ડમાં કપાસનો ભાવ ૮૫૦થી ૯૫૦ સુધી આપવામાં આવતો હતો. જોકે ખેડૂતોએ કપાસનો ભાવ રૂ. ૧૦૦૦થી ૧૧૦૦ મળવા જોઈએ. તેવી માંગણી કરી હતી અને કપાસનો ભાવ પુરતો ના મળતો હોવાથી નારાજ ખેડૂતોએ હરાજી બંધ કરાવી હતી. જેથી આજ પુરતી યાર્ડમાં હરાજી બંધ રહેવા પામી હતી.

# સૌરાષ્ટ્રના ગોંડલ-કોટડાસાંગાણી પંથકમાં ભૂકંપના હળવા આંચકા અનુભવાયા

(જી.એન.એસ)રાજકોટ, સૌરાષ્ટ્ર પરથી મહા વાવાઝોડાનું સંકટ ટળ્યું છે ત્યારે વળી ભૂકંપના ઝટકા શરૂ થયા છે. મંગળવારે બપોરે ગોંડલ, કોટડાસાંગાણી તેમજ સુરેન્દ્રનગર પંથકમાં ભૂકંપના હળવા આંચકા આવ્યા હતા. જેના પગલે લોકોમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો.

ગાંધીનગર સ્થિત સિસ્મોગ્રાફી સેન્ટરના અહેવાલમાં જણાવાયું છે કે, મંગળવારે બપોરે ૧૨.૪૯ વાગ્યે સુરેન્દ્રનગરથી દક્ષિણ દિશા તરફ ૩૦ કિ.મી. દૂર ૨.૦ તિવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જયારે મંગળવારે બપોરે ૧.૦૩ વાગ્યે સુરેન્દ્રનગરથી ૩૨ કિ.મી. દૂર કેન્દ્ર બિન્દુ ધરાવતો ૧.૭ તિવ્રતાનો ભૂકંપનો આંચકો આવ્યો હતો. બપોરે ૨.૩૬ વાગ્યે ગોંડલથી ૧૧ કિ.મી. દૂર ૨.૭ની તિવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.

આ આંચકો કોટડાસાંગાણીના હડમતાળામાં પણ અનુભવાયો હોવાનું જાણવા મળ્યુ છે. જો કે આંચકાની તિવ્રતા ઓછી હોવાથી લોકોમાં હાશકારો થયો છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા થોડા દિવસોથી જામનગર જિલ્લામાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જો કે તિવ્રતા સામાન્ય હતી.

# રાજકોટ ઝૂમાં પહેલીવાર વિદેશી વાનર, હિમાલયન રીંછ સાથે નવા પક્ષીઓ જોવા મળશે

(જી.એન.એસ)રાજકોટ, રાજકોટ પ્રાણીઉદ્યાનનો સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી, ન્યુ દિલ્હીના માર્ગદર્શન હેઠળ આધુનીક ઢબે વિકાસ કરવામાં આવી રહ્યો છે. દર વર્ષે વન્યપ્રાણી વિનીમય હેઠળ ભારતના અન્ય ઝૂ પાસેથી નવા નવા વન્યપ્રાણી-પક્ષીઓ મેળવી રાજકોટ ઝૂનો વિકાસ કરવામાં આવે છે. સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી, ન્યુ દિલ્હી તથા રાજય સરકાર દ્વારા રાજકોટ પ્રાણીઉદ્યાન અને એમ.સી. ઝૂલોજીકલ પાર્ક, છત્તબીર વચ્ચે નીચેની વિગતે વન્યપ્રાણી-પક્ષીઓ વિનીમય કરવા મંજૂરી મળતા પ્રાણી-પક્ષીઓ મેળવવામાં આવેલ છે. આ વિનીમય પછી રાજકોટ ઝૂમાં હવે હિમાલયન રીંછ, વિદેશી વાનર હમદ્રયાસ બબુન, જંગલ કેટ અને કેટલાક નવા વિદેશી પક્ષીઓ જોવા મળશે. બદલામાં રાજકોટ ઝૂ દ્વારા એશિયાઈ સિંહની એક જોડી, એક સફેદ વાઘ અને એક જંગલ કેટ આપવામાં આવી છે.

હમદ્રયાસ બબુન ૧:૧ (નર-૧, માદા-૧) પૈકી હાલ માદા વાનર ૧ લાવવામાં આવેલ છે.

બબૂન નર હાલ છતબીર ઝૂ ખાતે ઉપલબ્ધ ન હોય, ટૂંક સમયમાં તેઓ દ્વારા (છતબીર ઝૂ) બબૂન નર અન્ય ઝૂ પાસેથી મેળવી રાજકોટ ઝૂને સોંપવામાં આવશે. હાલ આ તમામ પ્રાણી-પક્ષીઓને ત્રણ અઠવાડીયા સુધી ક્વોરેન્ટાઈનમાં અવલોકન હેઠળ રાખવામાં આવેલ છે. ક્વોરેન્ટાઈન સમય પૂર્ણ થતા મુલાકાતીઓ માટે પ્રદર્શીત કરવામાં આવશે. હાલ ગુજરાતના એક પણ ઝૂમાં વિદેશી વાનર હમદ્રયાસ બબૂન રાખવામાં આવેલ નથી. આથી રાજકોટ ઝૂ બબૂન વાનરોને પ્રદર્શીત કરનાર ગુજરાતનું પ્રથમ ઝૂ બનેલ છે. ચાલુ વર્ષે રાજકોટ શહેર તથા આસપાસના વિસ્તારમાં ખુબ જ સારો વરસાદ પડતા ઝૂની બન્ને બાજુનાં બન્ને તળાવો લાલપરી તથા રાંદરડા સંપૂર્ણ ભરાઈ જતા તથા ઝૂનું કુદરતી સૌંદર્ય વાતાવરણ જોઈ મુલાકાતીઓ ખુબ જ પ્રભાવીત થાય છે.

# ભાજપ વિરૂદ્ધ જઈને બાગી બનેલા નગરસેવકને ૬ માસ માટે તડીપાર કરાયો

(જી.એન.એસ)નવસારી, સામાન્ય રીતે સમાજીક જીવનને વેરવિખેર કરનાર અને વારંવાર ગુનો આચરનારા વ્યક્તિને સમાજથી દૂર કરવા માટે તડીપાર કરવામાં આવે છે. સમાજમાં દુષણ ફેલાવનારા લોકોને પણ સમાજથી દૂર કરવા માટે તડીપાર કરવામાં આવે છે. નવસારીની વિજલપોર પાલિકાના કોર્પોરેટરને કોર્ટ દ્વારા તડીપાર કરવામાં આવ્યા છે. કોર્પોરેટર જ્યોતિ રાજભરને ૬ માસ માટે તડીપાર કરાયા છે.

નવસારીમાં ભાજપના કોર્પોટરને તડીપાર કરાયો છે. વિજલપોર નગરપાલિકાના કોર્પોરેટર જ્યોતિ રાજભરને તડીપાર કર્યો છે. આ કોર્પોરેટર પર મારામારી તેમજ અન્ય ગુનામાં સંડોવણીને જોતા નવસારી જિલ્લા અધિક્ષકએ તડીપારની દરખાસ્ત તૈયાર કરી હતી. ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જલાલપોરના હુકમથી નગરસેવકને તડીપાર કરવામાં આવ્યા છે. વિજલપોર નગરપાલિકામાં ભાજપ વિરુદ્ધ જઈને બાગી બનેલા નગરસેવક છે. ભૂતકાળમાં નગરસેવકની પાર્ટી વિરુદ્ધની કામગીરી વિવાદાસ્પદ બની હતી. નવસારી જિલ્લાથી નગરસેવક ૬ માસ માટે દમણ તડીપાર કરાયા છે.

### પરિક્રમામાં વધુ બે ના મોતઃ મૃતાંક ૪એ પહોંચ્યો

# ગિરનારની લીલી પરિક્રમા એક દિવસ પહેલા પૂર્ણ, એક લાખ યાત્રિકો ગિરનાર ચઢયા

(જી.એન.એસ)ગીર, જૂનાગઢમાં ગિરનાર પરિક્રમા સાંજે એક દિવસ વહેલી પૂરી થઈ ગઈ હોય તેમ યાત્રિકોનો પ્રવાહ એકલ-દોકલ રહ્યો છે, જેથી એક દિવસ પહેલા જ જંગલ ખાલી અને તમામ અન્નક્ષેત્ર, ઉતારા મંડળોએ પોતાનો સામાન પણ આટોપી લેતા પરિક્રમા શંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ છે. જો કે હજુ આજનો દિવસ બાકી છે, પણ ૫૦-૧૦૦ યાત્રિકો આવી રહ્યા હોય જંગલ ખાલી થયું છે. આ વર્ષે આજ સાંજ સુધીમાં ૫.૭૫ લાખ યાત્રિકોએ પરિક્રમા પૂરી કરીને પુણ્યનું ભાથું બાંધી પોત-પોતાના વતન ભણી વાટ પકડી હતી.

ગીરનારની લીલી પરિક્રમા માટે તંત્રએ અગાવથી કરેલા આયોજનના કારણે છેક એક દિવસ પહેલા જ ગેઈટ ખોલવામાં આવ્યો હતો, ત્યારે આ ચાર દિવસમાં ૫.૭૫ લાખ યાત્રિકોએ પરિક્રમા પૂરી કરી હોવાનું નોધાયું છે. હજુ એકલ-દોકલ યાત્રિકો મળીને ૫ થી ૧૦ હજાર યાત્રિકો બોરદેવીથી આગળ હોવાનું માનવામાં આવે છે. હાલ મોટા ભાગનો સમૂહ ભવનાથમાં ઉમટી પડયો છે. તેમના મોટા ભાગના યાત્રિકો ઘરે જવા રવાના થઈ ગયા છે.

અન્નક્ષેત્ર અન ઉતારા મંડળના અગ્રણી ભાવેશભાઈ વેકરીયાએ જણાવ્યું એક ગતવર્ષની સરખામણીએ આ વર્ષે ૫૦ ટકા યાત્રિકો ઓછા આવ્યા હતા. કારણ કે કમોસમી વરસાદ અને વાવોઝોડાની અસરથી એક ભય ઉભો કરી દેવામાં આવ્યો હતો. જેના લીધે યાત્રિકોનું આગમન જોઈએ તેવું થયું ન હતું. અન માટે તંત્રએ પહેલેથી તૈયારી કરી લેવી જોઈતી હતી. પરંતુ ધારણા કરતા ઓછા યાત્રિકો આવ્યા હતા.

પરિક્રમા દરમિયાન આ વખતે કુલ ચાર યાત્રિકોના એટેક આવી જવાથી મોત નીપજયાનું નોધાયું છે.

તા.૯ ના રોજ ભાવનગરના અશોક ચણા રાઠોડ ઉ.૩૫, અને ગીર ગઢડાના દ્રોણ ગામના ગોબર ભોળા ડાભી ઉ.૬૦ નું એટેક આવી જતા મોત નીપજયા બાદ ગઈકાલે રાતે અમદાવાદના બાવળાના જીગ્નેશ ઠાકર ઉ.૪૩ નું નળપાણીની ઘોડીએ અને આજે બપોરે માળવેલા ઘોડીએ અમદાવાદના ઓઢવમાં રહેતા જીતેન્દ્ર પ્રમોદ વ્યાસ ઉ.૪૦ નું એટેક આવી જતા મોત થયું છે.

# વડોદરામાં ડેન્ગ્યુનું પ્રમાણ હજી યથાવત... પોઝિટિવ કેસોમાં વધારો

(જી.એન.એસ)વડોદરા, વડોદરામાં ડેન્ગ્યુનો વાવર હજી ઓછો થયો નથી અને તેના કેસોનું પ્રમાણ વધી રહ્યું છે. ઓક્ટોબરમાં ડેન્ગ્યુના ૪૨૧ પોઝિટિવ કેસ નોંધાયા હતા. ચાલુ મહિને નવેમ્બરના દસ દિવસમાં જ ૧૧૨ પોઝિટિવ અને ૩૦૨ શંકાસ્પદ કેસ નોંધાઈ ચુક્યા છે.

વડોદરામાં ચાલુ વર્ષના પ્રારંભથી અત્યાર સુધીમાં ડેન્ગ્યૂના શંકાસ્પદ ૪ ૩૦૦ કેસ થયા છે. જેમાં ૬૩૬ પોઝિટિવ છે અને હજી પણ દવાખાનામાં કેસો વધી રહ્યા છે. તે જોતા આ આંકડો વધશે.

રાજ્યમાં ચાલુ વર્ષે સામાન્ય કરતાં વધુ વરસાદ થતાં તેના લીધે ડેન્ગ્યુ જેવા વાહક જન્ય રોગોનો વાવર વધ્યો છે.

છેલ્લા ૬ વર્ષના આંકડા જોઈએ તો ઓગસ્ટથી નવેમ્બર મહિના સુધીમાં ડેન્ગ્યુના કેસોનું પ્રમાણ વિશેષ રહ્યું છે.

થોડા સમય પહેલા રાજ્યના આરોગ્ય કમિશનર વીડિયો કોન્ફરન્સ દ્વારા ડેન્ગ્યુ જેવા રોગો વકરે નહીં તે માટે મચ્છરોનો ત્રાસ ઘટાડવા ઘનિષ્ઠ કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરામાં ડેન્ગ્યુ નું પ્રમાણ વધી રહ્યું છે.

છેલ્લા ૬ વર્ષના આંકડા જોઈએ તો વર્ષ ૨૦૧૬માં ડેન્ગ્યુના સૌથી વધુ ૧,૫૧૪ પોઝિટિવ કેસ નોંધાયા હતા અને ૧૪ના મોત થયા હતા. હવે શિયાળો શરૂ થતા સ્વાઈન ફ્લૂના કેસો પણ વધશે.

